ક્રમાંકઃ ડબલ્યુએસબી/૧૦૭૯-૧૩૬૩-પી,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૮ એપ્રીલ ૧૯૮૦

પ્રતિ,

અધ્યક્ષશ્રી,
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
સેકટર-૧૬,
ગાંધીનગર.

વિષયઃ સૌરાષ્ટ્રના શહેરો માટે પાણી પુરવઠા અને ગટર યોજનાઓ માટેના ઈ.ટી.પી. ચાર્જીસ.....

મહાશય,

ઉપરોકત વિષયને લગતા આપશ્રીના પત્ર ક્રમાંકઃ(૧)ગુપાપુગબો/૯૧૭ તા. ૯-૧-૮૦ તથા (૨)ગુપાપુગબો/૧૨૦૧ તા. ૮-૨-૮૦ના અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે, આ બાબતમાં તા. ૧૯-૩-૮૦ ના રોજ નાણા વિભાગ સાથે વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવેલ જે વખતે બોર્ડના સભ્ય સચિવશ્રી પણ હાજર હતા.

હાલ જે યોજનાના ખર્ચપર ૧૭.૮૫ ટકા ઈ.ટી. એન્ડ પી. (એસ્ટાબ્લીશમેન્ટ, ટુલ્સ અને પ્લાન્ટસ) ચાર્જીસ લેવામાં આવે છે. તેનું વિભાજન નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| (૧) | મહેકમ | ૧૫ ટકા |
| (૨) | ટુલ્સ એન્ડ પ્લાન્ટસ | ૧.૫ ટકા |
| (૩) | એ.જી. ઓડીટ ચાર્જીસ | ૧.૦ ટકા |
| (૪) | સેક્રેટરીએટ ચાર્જીસ | ૦.૩૫ ટકા |
| | | ૧૭.૮૫ ટકા. |

બોર્ડ દ્વારા કરવામાં આવનાર કામોનું એજી.તરફથી વિગતવાર ઓડીટ થવાનું ન હોય અને સેક્રેટરીએટ ચાર્જીસ એ સચિવાલય કક્ષાના વહિવટ અંગેના ખર્ચ માટે હોય, બોર્ડને ઈ.ટી. એન્ડ પી. ચાર્જીસ પેટે ૧૧.૫ ટકા(૧૭.૮૫-૫.૦૦-૧.૦૦-૦.૩૫) ગ્રાન્ટ આપવાની દરખાસ્તને નીચેની શરતોને આધિન રહીને આથી મંજૂર કરવામાં આવે છે.

(૧) બોર્ડને મહેકમ તથા યંત્રો ઓજાર આદિના ખર્ચ માટે સરકાર હાલ ગ્રાન્ટ આપે છે જ્યાં સુધી સરકાર આ હેતુ માટે બોર્ડને ગ્રાન્ટ આપે છે ત્યાં સુધી તે ગ્રાન્ટની રકમ બોર્ડે મેળવેલ ટકાવારી ચાર્જ (ઈ.ટી. અને પી. ચાર્જીસ) જે બોર્ડમાં જમા હોય તે લક્ષમાં રાખી તેટલી ઘટાડેલ ગ્રાન્ટ આપવામાં આવશે. આ મુદ્દો ધ્યાનમાં રાખી ભવિષ્યમાંની ગ્રાન્ટનું નિયમન કરવામાં આવશે.

(૨) જે ગ્રાન્ટ કે સબસીડી ઈ.ટી. અને પી. ચાર્જીસ પેટે આપવામાં આવે તે (૧) ખરેખર ઊભી થતી ખાધની રકમ અને (૨) વર્કસ કોસ્ટના ૧૧.૫ ટકા (૧૬.૫) અને બે માંથી ઓછી રકમની મર્યાદામાં હોવી જોઈએ.

૨......

(૩) ઈ.ટી.પી ચાર્જીસ પેટે જે સબસીડી આપવાની થાય છે તે સૌરાષ્ટ્રના શહેરોની કમીટેડ પાણી પુરવઠા ગટર યોજનાઓ પુરતી જ આપવાની થાય છે. રાજ્યમાં અન્ય શહેરો માટે પુરેપુરા ઈ.ટી.પી ચાર્જીસ લેવાના હોઈ આ શહેરોની યોજનાઓ માટે સબસીડી આપવાની રહેતી નથી.

આ આદેશ નાણાકીય સલાહકારશ્રી તથા નાણા વિભાગની તા. ૧૯-૩-૮૦ ના રોજે મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,
પુ.પુ. મોઢા
નાયબ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

નકલ રવાના:-

અધિક્ષક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય વર્તુળ, રાજકોટ ભાવનગર,અમદાવાદ, પાલનપુર વડોદરા.
અધિક્ષક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય યોજના વર્તુળ,ગાંધીનગર/રાજકોટ
એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત રાજ્ય અમદાવાદ
અધિક એકાઉન્ટન્ટ જનરલ રાજકોટ
પં.ગૃ.નિ. અને શહેરી વિકાસ વિભાગ
નિયામકશ્રી નગરપાલિકાઓ, અમદાવાદ
વિકાસ કમીશ્નરશ્રી, ગાંધીનગર
અધિક્ષક ઈજનેરશ્રી, ગ્રામ્ય પાણી પુરવઠા યોજના વર્તુળ નં.૧ ગાંધીનગર
નાણા શાખા (આરોગ્ય અને પ.ક.વિભાગ)
ન-૬ શાખા અને બોર્ડ સેલ
પસંદગી ફાઈલ
મદદનીશ પસંદગી ફાઈલ
મોનીટરીંગ સેલ(આ.અને પ.ક. વિભાગ સચિવાલયના જા.આ.ઈજનેરી પાંખના સઘળા અધિકારીઓ.

પારેખ./..